સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

શિક્ષકોની ગુણવત્તા પહેલાં પોતાની તો જુઓ!
શિક્ષકો પર આક્રોશ પહેલાં પોતાનું તો જુઓ!
પહેલાં પૂછો, કેટલી અરજીના દીધા જવાબ?!
પ્રજા ઝાડુ ઉપાડે એ પહેલાં પોતાનું તો જુઓ!!

સ્વમાની ગુરુ
ને કર્યા માન ભંગ -
'શિક્ષક દિને'

દુખે છે પેટ
ને કુટ્યા શિક્ષકોને -
'પટેલ' મત..

હાઈકુ

ચિંતન

મૃતો દરિદ્રઃ પુરુષો મૃતં મૈથુન પ્રજમ્ । મૃત મશ્રોત્રિયં શ્રાદ્ધં મૃતો યજ્ઞસ્ત્વ દક્ષિણ ॥

'માણસનું દરિદ્રી જીવન મૃતઃપ્રાય જેવું છે અર્થાત દરિદ્રી મરેલા જેવું જ જીવે છે. જેમાં પ્રજોત્પત્તિ ન થઈ શકે એવું મૈથુન પણ મૃત જ કહેવાય - નકામું જ કહેવાય. જેમાં જ્ઞાની સત્પુરુષની હાજરી-યોગદાન ન હોય એવી શ્રાદ્ધક્રિયાનો પણ અર્થ નથી - મૃત જ કહેવાય - અને જેમાં દાન-દક્ષિણા આપવામાં ન આવે તેવું કર્મકાંડ-યજ્ઞ-પરોપકાર પણ અર્થ વગરનો નકામો છે. યજ્ઞ કાર્ય - એટલે કોઈ પણ પરોપકારનું કાર્ય પણ કહેવાય.'

(કોઈ ગરીબ-જરૂરિયાતને ખાલી-ખોટો-પોકળ આશ્વાસન આપો પણ દ્રવ્ય ન આપો તો એનો કોઈ અર્થ નથી એ મૃત જ કહેવાય)

ગરીબી-દારિદ્રયથી ભરપૂર જીવન એ સમજ અને સંયમ ન હોય તો ખૂબ જ અકારું થઈ શકે છે આવું જીવન મૃતપ્રાય જેવું જ છે. નિઃસંતાન દંપત્તિનું મૈથુન કાર્ય લાંબે ગાળે નિરસ અને મૃતઃપ્રાય થઈ જાય છે. શ્રાદ્ધક્રિયા એ એવાં કર્મકાંડો જો જાણકાર જ્ઞાની બ્રાહ્મણ હોય અને વિધિપૂર્વક - આ ક્રિયા કેમ કેવી રીતે શા માટે થાય છે એવું યજમાનને સમજાવીને કરાવે તો જ જીવંત બને આવાં કર્મકાંડોમાં બ્રાહ્મણ - યજ્ઞકર્તાનો સંતોષ પણ એટલો જ મહત્ત્વનો છે. દાન-દક્ષિણામાં લબ ન કરવો.

સુવિચાર

- માણસ પોતાની ખામીઓમાંથી લાભ મેળવી શકે એટલું લાંબું જીવતો નથી - **રજનીશ**
- ખુમારી સાથે જીવવું હોય તો લોકોને વિશ્વાસ કરાવી દો કે
  તમને સહકાર આપવામાં એમને ફાયદો છે - **અઝીમ પ્રેમજી**
- હૃદયને એવી આંખો છે જેની મગજને ખબર નથી - **ઉમાશંકર જોશી**
- સુખ ન આપણી અંદર છે, ન આપણી બહાર,
  એ પ્રભુની સાથેની આપણી તન્મયતામાં છે - **સંત રોબિન**
- સાચો પ્રેમ એટલે અંધારામાં થઈ ગયેલા ભૂતોનો ભેટો...
  એની ચર્ચા બધે થતી હોય પણ એનો સાક્ષાતકાર ભાગ્યે જ કોઈએ કર્યો હોય છે - **અમૃતબિંદુ**
- આપણે આપણા મા-બાપને મૂરખ સમજીએ એટલે શાણા થયા,
  આપણા સંતાનો પણ એવું જ વિચારશે એમાં કોઈ શંકા નથી - **ચંદ્રકાન્ત બક્ષી**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

પરીક્ષામાં ટકા અને પરિણામોથી કરી એટીએમ ઉપાડી જવાના અને એકના ડબલ-ત્રબલ કરી આપવાના-ધનવાન થવાના 'શોર્ટકટ'ના કિમિયાગરોની આજે કમી નથી. બધાને ટૂંકે રસ્તે પદ-પ્રતિષ્ઠા-પૈસો ખપે છે. સાચું શિક્ષણ-તાલીમ-કેળવણી-જ્ઞાન મેળવા માટે કોઈ જ શોર્ટકટ નથી. તપ-પરિશ્રમ વિના જ્ઞાન ન મળે..

યુકલિડ પ્રખ્યાત ગણિતશાસ્ત્રી હતા અને શિક્ષણશાસ્ત્રી હતા એટલે સત્યવક્તા સાથે સ્પષ્ટવક્તા પણ હતા.

એલેકઝાંડરિયાનો રાજા યુવાન વયે તેમની પાસે ભૂમિતિના શિક્ષણ માટે ગયો. એક તો ભણવામાં તેનું ચિત્ત ન હતું અને એમાં અઘરાં પ્રમેયો (થિએરમ)થી કંટાળી ગયો હતો. એણે યુકલિડને એકવાર પૂછી નાખ્યું - સર! ભૂમિતિ શીખવા માટે બીજી કોઈ સરળ અને ટૂંકી રીત નથી?

યુકલિડે મનની વાત કહી - મહારાજ! આપણા દેશમાં બે જ રસ્તા છે, ગરીબો માટે લાંબો અને મુશ્કેલ જીવન માર્ગ અને રાજવીઓ માટે સરળ અને ટૂંકા... પણ ભૂમિતિમાં તો બધા માટે આ એક જ રસ્તો છે આમાં રાજવીઓ માટે ટૂંકા-સરળ રસ્તા નથી હોતા!

રાજકુમાર પગ પછાડી રવાના થઈ ગયો.

પાર્થને કહો, ચડાવે બાણ...

પાડોશી રાષ્ટ્રને 'પાક' રહેતાં ના આવડ્યું એટલે મોટા ઉપાડે નામ પાકિસ્તાન પાડ્યું પણ દુનિયાભરમાં એની ઈમેજ તો નાપાક મુલક તરીકેની જ ઊભી થઈ છે. પ્રગતિશીલ વિચારસરણીના પુરસ્કર્તા બેરિસ્ટર મહંમદ અલી ઝીણાની કલ્પાનું પાકિસ્તાન આવું તો ન જ હોય. સામે કદાચ એ લોકો એમ પણ કહી શકે કે ગાંધીની કલ્પનાનું હિન્દુસ્તાન પણ જુદું જ હોવું જોઈતું હતું. ઝીણાને ધર્મ આધારિત અલગ રાષ્ટ્રની માગણી કરી એમાં મુસલમાનોએ એમનો જુદો દેશ મળે એવી લાગણી હતી. એ દેશ આઝાદીના છ - સાડા છ દાયકામાં દુનિયામાં 'આતંકવાદના પારણા' તરીકે ઓળખાશે, એવું તો એમણે સ્વપ્ને પણ નહીં વિચાર્યું હોય. ગાંધી રાજકારણી નહોતા એટલે હિન્દુસ્તાન માટે એ રામરાજય અને ગ્રામ સ્વરાજનાં સપનાં જોતાં હતા. પ્રગતિના ઉંદરદોડમાં આપણે દેશ ગાંધીમૂલ્યોને હાંસિયે મૂકી અમેરિકાના ચાળે ચડી ગયો છે તે કબૂલવું જ રહ્યું. પરંતુ આપણે કયારેય માનવતા નેવે મૂકી નથી. આપણા દેશમાં લઘુમતી સમાજ અને બહુમતી સમાજને સરકારી રાહે સરખી તકો, સરખા હક્કો ઉપલબ્ધ છે. ભૂલથી પણ એમને સેકન્ડ રેટ સિટીઝન જેવો વ્યવહાર થઈ રહ્યો હોવાનું ફીલ ન થાય એ માટે આપણું પ્રજાતંત્ર સાવધ રહે છે. ત્યાં એવું નથી, તે સૌ જાણે છે. અહીં એમની ઈબાદતની પવિત્ર જગ્યાઓ પૂર્ણપણે સુરક્ષિત છે. ત્યાં હાલાત જુદી છે. વધી ત્યાં રાજયાશ્રય પામેલા લશ્કર-એ-તોયબા જેવાં ત્રાસવાદી સંગઠનો હિન્દુસ્તાનમાં આતંક ફેલાવવાની એક પણ તક જવા દેતા નથી. છેલ્લે લશ્કરની નાપાક હરકત ગુપ્તચર એજન્સીઓએ આંતરી છે એ મુજબ પર્વના દિવસોમાં દેશનાં ચૌદ મોટા મંદિરો પર ત્રાટકવાના કારસા રચાઈ રહ્યા છે. જન્માષ્ટમી પછી શરુ થતાં સમયગાળામાં આપણી પ્રજા ઉત્સવઘેલી બનીને મંદિરો અને પંડાલોમાં ઊમટે છે. ગણેશોત્સવ, દુર્ગા પૂજા, નવરાત્રી અને દીપોત્સવીનાં પર્વોમાં હૈયે હૈયું દબાય એટલી ભીડ જામે છે. આ સંજોગોનો લાભ લઈ લશ્કરના બદનાશ આકાઓએ એમના તાલીમબદ્ધ ફિદાયીન ત્રાસવાદીઓને ધુંવાદાર ફાયરીંગ કરતાં કરતાં મંદિરોમાં ઘૂસી જવાના નિર્દેશો પાઠવ્યા છે. પાકિસ્તાન વારંવાર ભારત સામે સીધા યુદ્ધમાં હાર્યું છે. ઈંદિરા ગાંધીના શાસનકાળમાં તો એની આખેઆખી પાંખ તોડી નાખવામાં આવી હતી અને એક લાખ જેટલા સૈનિકોએ એમના જનરલની આગેવાની હેઠળ ભારતીય સૈન્યની શરણાગતિ સ્વીકારવી પડી હતી. એમ છતાં એની નાપાક હરકતો અટકી નથી. ઊલટાની એ વધુ ને વધુ વણસતી અને વકરતી રહી છે. છેલ્લે તો પાક સંરક્ષણ મંત્રી અને લશ્કરી વડા સીધી જ યુદ્ધની ધમકીઓ આપવા માંડ્યા છે. વડાપ્રધાન નવાઝ શરીફની અટક 'શરીફ' હશે, પરંતુ દાનતમાં શરાફત નથી વરતાતી. એમ પણ બને કે એમની સમાંતર સત્તાઓ આર્મી અને આઈએસઆઈ આગળ એમનું ઊપજતું ન હોય. કાશ્મીરનો મુદ્દો ભુટ્ટો માટે હતો એટલો જ નવાઝ શરીફ અને સરસેનાપતિ રાહીલ શરીફ માટે મહત્ત્વનો છે. મિયા મુશરફ પણ સેનાને પાનો ચડાવતા રહે છે. હવે તો સીધા જ અણુ બોમ્બ ફેંકવાની ધમકીઓ શરુ થઈ ગઈ છે. પાકિસ્તાન પાસે અણુશસ્ત્રોનો લખલૂટ ખજાનો છે. એ ખજાનાનો ઉપયોગ કયારેક કાશ્મીર મુદ્દે જ કરવાનું છે અને હિન્દુસ્તાન સામે નાના કે મોટા યુદ્ધમાં એને આ અણુશસ્ત્રોનો ઉપયોગ કરવાની ચળ ઉપડી છે, એની આપણે ગંભીર નોંધ લેવી જ રહી. ભારતમાં પાકિસ્તાનને ધૂળ ચડાવવાની ક્ષમતા છે તે કબૂલ, પરંતુ 'પહેલો ઘા રાણાનો' એ કહેવત યાદ રાખવા જેવી છે. હવે બહુ મોડું કરવાની જરુર નથી.

તંત્રીસ્થાનેથી....

ઉત્સવ એટલે આનંદના રંગીન ફુગ્ગાઓ અને જગતની ચકડોળી પ્રદક્ષિણા

ઉત્સવોની લહેજતની મોસમ ખીલી છે. આકાશ ફુગ્ગા અને ચગડોળથી રંગીન બન્યું છે બાળકોની ખુશીઓ ચકરડીઓ અને ભમરડાઓથી ગતિથી પણ તેજ ગતિથી દોડી રહી છે. શ્રદ્ધાળુઓ હરિદ્વારમાં જઈ કથાવાર્તાનું શ્રવણ કરવામાં મશગૂલ છે. શ્રાવણ એટલે શ્રવણ-મનનને માથે ચડાવવાનો મહિનો. કેટલાક ગંગાનદીના પવિત્ર જળનું સ્નાન કરી રોગ અને ભોગથી દૂર રહેવાની સોગંધ લઈ રહ્યા છે. જાણે કે લોકોનું મળવું મેળો બન્યું છે અને હૃદય એકબીજાને મળવા અધીરા બન્યા છે. ભારતના ઉત્સવો અનેક માનસિક રોગોના ઈલાજની દવાઓની ગરજ સારે છે તે આપણે જાણીએ છીએ. લોક ડાયરાના કલાકાર મેળાની મધુર વ્યાખ્યા કરે છે 'મેળે મેળે (બોલાવ્યા વિના) મળે તે મેળો' બોલાવ્યા વિના આવે તે આત્મીય જન, બોલાવ્યા પછી આવે તે કામિક જન.... અને બોલાવ્યા પછી પણ ન આવે તે તો પશુ ધન...

વિચારોના મધુવનમાં
પ્રો. રાકેશ પટેલ

ઉત્સવના ત્રણ પક્ષ (પ્રકાર) પહેલી નજરે ધ્યાનમાં આવે છે. એક છે આનંદપક્ષ, બીજો છે કર્મકાંડપક્ષ અને ત્રીજો છે વિચાર (ચિંતન) પક્ષ. મોટા ભાગનો સમાજ આનંદપક્ષની સાથે કુદરતી રીતે જ જોડાઈ જાય છે. ભારતમાં હજી લોકોનો આનંદ મેળા અને ઉત્સવો સાથે જોડાયેલો છે. રોજની પળોજણોથી એક દિવસ દૂર રહી જવાની મજા એટલે ઉત્સવ. જ્યારે કર્મકાંડપક્ષમાં સમાજનો મધ્યમવર્ગ કાર્યરત હોય છે. જેમની પાસે પૂજાપાઠ કરવાની આર્થિક વ્યવસ્થા છે. તેવા લોકો કર્મકાંડ માટે સમય ફાળવી શકે છે અને આર્થિક ભારને પણ ઉપાડી શકે છે. કર્મકાંડ કેટલાક (મીમાંસા) દર્શન ગ્રંથો અનુસાર ભૌતિક સુખો અને સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારા છે. કર્મકાંડ સમાજને જોડવાનું કામ (યજ્ઞ દ્વારા) પણ કરે છે.કથાવાર્તા દ્વારા સંસ્કાર પ્રક્રિયા વેગવંતી બને છે. કેટલીક વિધિઓને અંતે દાન - પુણ્ય કરવાનો મહિમા પણ વર્ણવાયો છે. તે અનુસાર દાન આપીને ગરીબોની સેવા કરવાનો ધર્મ સ્વીકારાયો છે. ટૂંકમાં કર્મકાંડ પણ સમાજ પુરુષને અનુકૂળ છે જો... તેની સાથે પર્યાવરણ શુદ્ધિ (યજ્ઞ), ગરીબોને દાન આપવાનું સ્વીકારાયું હોય કે પછી સંયમના પાઠ શીખવા મળતા હોય. માત્રને માત્ર 'વાહ રે વાહ' મેળવવાના ઉદ્દેયથી કરવામાં આવતો કર્મકાંડ ધન અને પ્રકૃતિના બગાડનું બીજું નામ છે.

પરંતુ બધા જ ઉત્સવો કાયમી ટકી રહે છે તેના ચિંતન અને વૈજ્ઞાનિક પક્ષ થકી. જો ઉત્સવો માત્ર મનોરંજની ગરજ સારે તો તેવા ઉત્સવો ધીમે ધીમે બંધ થઈ જાય તેમાં જ આપણું કલ્યાણ સમજવું. જેમ કે માતાજીનો નવરાત્રી ઉત્સવ ધમાલ કે વિદેશી ધૂનો પર તાલ લેવા માંડે તો પછી તેનું આયુષ્ય કેટલું? બીજું એક ઉદાહરણ જન્માષ્ટમી ઉત્સવનું લઈ શકાય. જન્માષ્ટમીના દિવસે મેળામાં માલવું તે તેનો આનંદ પક્ષ છે, કોઈ વિધિ અનુસાર કર્મકાંડ કરવો તે તેનો સમાજલક્ષી પક્ષ છે. મટકી ફોડવી કે માંખણ મીસરીને પ્રસાદ તરીકે ગ્રહણ કરવી તે પરંપરાપક્ષ છે. તેને અનુસરવું તે આવશ્યક બાબત ભલે ગણાતી. પણ જો આટલેથી જ સમાજ ઈતિ સિદ્ધમાની પલાઠી વાળી બેસી પડે તો જન્માષ્ટમી પણ નિષ્પ્રાણ બનતા કેટલી વાર? તેને જુગારરાત્રિ બનતા કોઈ ન રોકી શકે? કેટલાક બૌદ્ધિકોએ આ ઉત્સવ પાછળનો ચિંતનપક્ષ પણ સમજવો રહ્યો. ભગવદગીતા ને સમજ્યાવિના કે વાંચ્યા વિના જન્માષ્ટમી ઉજવવી તે બાળરમતથી વિશેષ ન બની શકે! શ્રીકૃષ્ણ જેવો કર્મવીર , ધર્મવીર અને નવા ચીલાને ચાતરનાર જગતમાં બીજો કોઈ પુરુષ આજ સુધી પાક્યો નથી. ગીતાની સામાન્ય સમજ પણ ન ધરાવનાર વ્યક્તિ માત્ર કૃષ્ણ જન્મોત્સવને 'પાટી'ની જેમ ઉજવી નાખે તો એનાથી સમાજને કોઈ લાભ નથી. કૃષ્ણ એટલે સાક્ષાત કર્મનું પ્રતિક. નિરાશાની કંસવૃત્તિને પછાડી નાખે તે કનૈયો! અબુધ લોકોને જ્ઞાનનું માખણ ચટાડે તે માધવ! ગીતાના જ્ઞાન, કર્મ અને ભક્તિના સંદેશને સ્વામી વિવેકાનંદ વિશ્વ સમક્ષ લઈ ગયા અને તેથી તે પૂજાયા. વિવેકાનંદની જ્ઞાન પ્રાપ્તિના તલસાટને સમજવાથી ઉત્સવના ગાંભીર્યને સમજતા વાર નહી લાગે. મોહનમાંથી ગાંધી બનવાની પ્રક્રિયા ચિંતન - મનન અને નિદિધ્યાસનથી આગળ વધે છે.

ચિંતન પક્ષના વાહક બનવાનું સૌભાગ્ય શિક્ષકે અથવા અધ્યાપકે લેવું જોઈએ. સમજદાર અને વિચારવાન નાગરિકોની પ્રથમ ફરજ છે કે તે સતત અભ્યાસ કરીને સમાજને ઉત્સવો પાછળની વિચાર અને ચિંતન પ્રણાલીને નવી પેઢીને સમજાવે. શ્રીકૃષ્ણે શા માટે માખણની ચોરી કરી હશે? શ્રીકૃષ્ણ શા માટે સોળ હજાર રાણીઓના ધણી કહેવા યા હશે? સમાજની કેટલીક આધ્યાત્મિક જ્ઞાન અને સમાજસેવા આપતી સંસ્થાઓ

અનુસંધાન પાના નં. ૭ પર

પોતાના ભરણપોષણ માટે માણસ ગમે તે કરે પણ કોઈની સામે હાથ ન લંબાવે એ જ સાચો પુરુષાર્થ છે, એ જ ખરું ઈમાન છે

મારી નજર ટેબલ પર પડેલા મેનુકાર્ડ પર હતી અને હું તેમાં ખોવાયેલો ઓર્ડર માટે મારા અને મારી પત્નીનાં પસંદગીનાં શાક નક્કી કરવામાં મશગુલ હતો. તેવામાં મારા ટેબલ પર પોતું મારતાં તેણે પુછ્યું.

'હાં, સાહેબ શું ઓર્ડર છે?'

મેં માથું ઊંચું કરી તેની તરફ જોયું તો જોતો જ રહી ગયો. તેને એ વાતનો બિલકુલ વિશ્વાસ નહોતો કે અમારી બંનેની મુલાકાત આ રીતે થશે. એવું લાગતું હતું કે તે વિચારતો હોય કે ચોરી કરતાં એ રંગે હાથે પકડાઈ ગયો. તેના ચહેરાના અજબ પ્રકારના ભાવ સાથે શરમથી નીચી નજરે બોલ્યો.

'શું થાય આ બધા નસીબના ખેલ છે...' અને આંખમાં આંસુ સાથે પોતાનું રૂદન રોકવાનો પ્રયાસ કરતો એ બીજા ટેબલ તરફ અનાયાસ દૂર જતો રહ્યો.

આમ અણધારી મુલાકાત માટે એ પણ તૈયાર ન હતો ને હું પણ તૈયાર ન હતો. આમ તો અમારી મુલાકાત રોજ સવારે દસ વાગ્યે હું ઓફિસ જવા નીકળું ત્યારે થઈ જતી. મારો અને તેનો કામ પર નીકળવાનો સમય એક જ હતો. હું મારી મોટર સાઈકલ સ્ટાર્ટ કરતાં મારી નજીકથી તેને પસાર થવાની રાહ જોતો અને પછી મારી નજીક આવતાં તેને કહેતો.

'હરિઓમ કાકા'

એ પણ હસીને જવાબ દેતા

'હરિઓમ બેટા'

'ચાલો આવવું છે ને?'

'ના... તમે જાવ, હું ચાલતો જ જઈશ.'

તે બારેય મહિના અડધી બાંયનું સફેદ શર્ટ અને ઢીલો લહેંગો પહેરી હાથમાં થેલી લઈ ચાલતાં જ જતા. તેમને આ રીતે જોઈ મને અનાયાસ મારા યાદ આવતા. તે પણ સાઈકલ પર થેલી લટકાવી કોણ જાણે કયાં કયાંથી ભાવતાલ કરી ઘરની જીવન જરૂરિયાતની ચીજો લઈ આવતા અને દૂરથી અમને બુમ પાડતા.

'રાકેશ.... લે આ ચીજો લેવડાવજે... મને જરા થેલીઓ ઉતારવામાં મદદ કરને...' કયારેક સાઈકલના કેરીયર પર એકાદ ક્વિન્ટલ જેટલાં લાકડાં, કયારેક કેરોસીનનો કેરબો... એ જમાનો ગરીબીનો હતો. ઘરમાં ચૂલો હતો. તેના માટે લાકડાંની જરુર પડતી. તે પણ થોડી ઘણી નહીં એકાદ ક્વિન્ટલ જેટલી. પાંચ પાંચ બાળકોના પેટ ભરવા માટે મારા પિતા કેટલી મહેનત કરતા. મને હવે કાકાને જોઈ એ બધું યાદ આવે છે. તેથી એ કામ પર જતા હોય તે પહેલાં તેમને એકવાર જોઈ લેવાની ઈચ્ચા કાયમ મનમાં રહે છે.

પરંતુ એ પોતાની થેલીમાં શું લાવતા હશે એ મને ખબર નહોતી. કેમ કે તે ઘરથી નીકળતાં પહેલાં શેરીમાં કુતરાં અને ગાયોને એ થેલીમાંથી કાઢી કાઢીને કંઈક ખાવાનું જરુર આપતાં. તેમનું જોઈને મેં પણ શેરીના કુતરાંને દૂધ-રોટલી દેવાનું શરુ કર્યું હતુ. જયારે સવારે એ પટ્ટીવાળી લાંબી ચડ્ડી અને બનયાન પહેલી શેરીનાં કૂતરાંને બોલાવતા ત્યારે હું બાલ્કનીમાંથી તેમને જોતો. તેમની પત્ની ગઠિયો વા થવાથી કરમમાંથી અડધી વાંકી વળી ગઈ હતી અને પોતાના જકડાયેલા વાંચાચુંકા હાથે ઘરમાં કચરો વાળી બહાર ફેંકતાં દેખાતી.

તેમની પત્ની અંગે વિચારવા અને જાણવાની મને જીજ્ઞાસા એટલે પણ હતી કે મારા દીકરાના લગ્નમાં એ બિમારીના કારણે આવી શકેલ નહીં. પરંતુ પછી ઘેર આવી જબરજસ્તી અધિકાર પૂર્વક એકાવન રૂપિયા અમારી વહુના હાથમાં પકડાવી ગયેલ. ત્યારે આંખમાં આંસુ સાથે તેણે કહેલું. 'સુખી રહો, પણ મારી વહુની જેમ...' બાકીના શબ્દો જાણે તે ગળી ગઈ હતી.

મારી પત્ની એ મને કહેલું કે તેની વહુ ઘરમાં ખુબ ઝઘડા કરે છે અને તેના પતીને અલગ થવા માટે મજબૂર કરે છે. એટલે સુધી કે તેમને ખાવાનું પણ આપતી નથી. મારા ગળે આ વાત ન ઉતરી મેં પત્નીને કહ્યું.

'પણ એનું કંઈ કારણ તો હશે ને?'

'કારણ શું, બિમાર સાસુ, સાંધાનો ગઠિયો વા થવાને કારણે એ નિઃસહાય મજબુર, પલંગમાં પડી રહે, તેની દવાઓનો ખરચો થાય એ વહુને ગમતું નહીં! તે આઝાદ સ્વચ્છંદ જીવન જીવવા માંગતી હતી. તેણે પતિને ચોખ્ખે ચોખ્ખું કહી દીધેલું, તારી માં ની સેવા મારાથી નહીં થાય. તારે કરવી હોય તો કર, મને પિયર મોકલી દે. એક તો દવાઓનો ખર્ચો અને ઉપરથી સેવા? શું આ બધું કરાવવા માટે મારી સાથે લગ્ન કર્યા છે? તું કંઈ હજારો લાખો કમાતો નથી. દુકાનમાં કામ કરીને બે જણનું માંડ પુરું થાય એમ છે. તેમાં થનાર આપણાં બાળકને શું ખવડાવીશ અને શું ભણાવીશ? મારા બનેવીને જોયા છે. તેમનો પોતાનો બિઝનેશ છે. મારી બહેન લાખોમાં રમે છે. અને મારે તારા આઠ હજાર રૂપિયામાં ઘર ચલાવવું પડે છે ત્યારે તેના પતિએ પણ રોજ રોજ કંકાસથી કંટાળી ઘરડાં નિઃસહાય માબાપને છોડી અલગ રહેવાનું નક્કી કર્યું. હવે એ આવતો પણ નથી અને પોતાના માબાપને આર્થિક મદદ પણ કરી શકતો નથી. '

એવું સાંભળવા મળ્યું છે કે અમુક સ્ત્રી પુરુષોએ કાકાને વયસ્કો માટેના નવા કાયદા એમ કહેલું.

ત્યારે કદાચ કાકાએ આંખમાં આંસુ સાથે કહેલું, 'જે દિકરાને લાડ લડાવી દુઃખ તકલીફો સહન કરી પાલનપોષણ કર્યું, જેની નાની મોટી તકલીફો માટે કોણ જાણે કેટલાક દેવી-દેવતાના દરબારમાં જઈ માથું ઝુકાવ્યું. જે ચેનની નીંદર લઈ શકે તે માટે તેની માં રાત રાત ભર જાગી, એ દિકરાની વિરુદ્ધમાં શું ફરિયાદ કરવી. હજુ આ ઘરડાં હાથપગમાં એટલી તાકાત તો છે જ કે તેના જેવાને પણ બેઠાં બેઠાં ખવડાવી શકું.'

નવાં કલેવર
નટવર હેડાઉ

તો બીજી તરફ જયારે વહુને લોકોની વાતની જાણ થઈ તો તેણે આખી શેરી માથે લીધી અને બોલવા લાગી. 'એ પોલીસમાં શું ફરિયાદ કરશે. હું જ દહેજની ફરિયાદ કરીશ તો એમને પણ ખબર પડી જશે. દિવસે તારા દેખાઈ જશે.'

અને ત્યારે સાસુ-સસરા એ બંનેની ડરી જઈ હાથ જોડી રાજીખુશીથી બંનેને વિદાય કરી દીધાં.

'જા ભઈ જા, અમારે તારી પાસે સેવા નથી કરાવવી. તને જેમ ઠીક લાગે તેમ કર, પણ અમને ઘરડાં ને છોડ. અમે તો ગમે તે રીતે જીવીશું. પણ ઘરડે ઘડપણ પોલીસ થાણાનાં આંટાફેરા કયાં ખાવાના... થોડી તો સમાજમાં આબરુ રહેશે.' અને તેમણે રાજીખુશીથી વહુ લાવેલી એ બધો સામાન આપી બંનેને વિદાય કર્યા.

'જાવ જયાં રહેવું હોય ત્યાં રહો. અમે મરી જઈએ તો પણ આવતા નથી.' અને ત્યારથી આજ સુધી જેમ તેમ ગુજરાન ચલાવે છે. મને તેમના નશીબ અંગે ખુબ અફસોસ થાય છે. ભગવાન કોઈ કોઈના નસીબમાં આવાં દુઃખો કેમ લખી દેતો હશે. મા-બાપ પોતાના સંતાનોને કાળજાના કટકાની જેમ કેટલા જતનપૂર્વક પાલનપોષણ કરે છે અને ઔલાદ લગ્ન પછી એટલી નક્કામી અને બેજવાબદાર થઈ જાય છે.

મેં ઊંચે જોઈ કાકાને શોધવાનો પ્રયત્ન કર્યો તો એ એક ખૂણામાં જઈ ગાલ પર વહેલાં આંસુ લૂંછી રહ્યા હતા. એ કદાચ અમને જાણવા દેવા માંગતા હતા કે પોતાનો સગો દીકરો હોવા છતાં કોઈ હોટલમાં આ ઉંમરે તે લોકોના એંઠા વાસણો ધોઈ પોતાનું પેટ પાળે છે. કદાચ તેમને પોતાની આ જિંદગીથી શરમ આખી હશે. હું ઊભો થયો અને તેમની પાસે જઈ ખભા પર હાથ રાખી બોલ્યો.

અનુસંધાન પાના નં. ૭ પર

વરસાદની 'સેલ્ફી'..!! એક દિ' સારો, એક દિ'બૂરો, જીવી જાય એ માણસ શૂરો...!!

કઈ રીતે એને તમે રોકી શકો ? આડશોમાં કેટલાયે છેદ છે
વાદળી જેવું ય દેખાતું નથી, ને હજી વરસાદની ઉમ્મેદ છે !!

પ્રસંગ જોઈને, સારો સીન દેખાય એટલે 'સેલ્ફી' લેવાની સ્ટાઈલ બની છે. અને એની અસરમાં વરસાદ પણ 'સેલ્ફી' લઈને ગાયબ થઈ ગયો છે. એમ તો બારીના લોખંડના સળીયાની મર્યાદાને ન માનનારો અને દિવાલ પર લટકતાં કેલેન્ડરના 'રહો કનેકટેડ' જેવો કોઈ સંબંધ રહ્યો નથી... કેલેન્ડરના નક્ષત્રો, વાહન અને જયોતિષીઓ બધાંને ખુલ્લી ચેલેન્જ આપી વરસાદ હવે બાષ્પીભવન થઈ ગયો છે! આમ તો વરસાદનું ઝાપટું આવે અને બારીમાં આવીને બેસવાનું અને આકાશ સામે નજર ફેરવતાં ગામડાનો વરસાદ યાદ કરવાનો...

આમ જોઈએ તો શું ને પેલો શું? શહેરનો શું અને ગામડાનો શું? વરસાદ તો એ જ ને? એક સરખો જ ને? અને છતાંય બંનેનું આવવું અનુભવવું, ફરક બતાવવું બધું જ અલગ... એક જ માતાની કુખે જન્મેલા સગા ભાઈ જેવા અને છતાંય અલગ અલગ જગ્યાએ સેટલ થયેલા બે ભાઈ જેવી વરસાદની પરિસ્થિતિ, બંનેનો મિજાજ, ભીંજાવાની રીત અને પરિણામ બધું જ અલગ - અલગ...

શહેરનો વરસાદ પોતાની જાહેરાત કરનારો. સમાચારમાંથી બ્રેકીંગ ન્યૂઝ થઈને ફલેશ થનારો. રસ્તા પરના ખાબોચીયામાં ભરાઈને પોતાની 'સેલ્ફી' લેનારો... એ આવે એટલે પબ્લીક અને પ્રશાસન બંનેને રવાડે ચઢાવતો, ગટરો ઑવરફલૉ કરી, બેફિકર બની દરેક રસ્તાની ધૂળધાણ ઉડાવતો, આલિશાન બંગલાઓની ફેશિયલ કરતો.. શહેરના વરસાદને પોતાનો વરઘોડો જાતે જ કાઢવાનો શોખ... એને પૂછીએ તો પાછો જવાબ આપે, 'આ શોખ નથી, ફેશન છે, આજના જમાનાની ટશન છે!'

ગામડાંનાં વરસાદનું એવું નથી... એને વૉટ્સએપ - ફેસબુકમાં ચમકવાનું ગાંડપણ નથી. એના માથે ઘર, ગામ, પ્રદેશ, શહેર, દેશ, માણસ, પ્રાણી, પક્ષી બધાંનાં ભરણ-પોષણની જવાબદારી છે. એના ખભે ખેડૂતોનું હળ છે, ખેડવાનું-રોપવાનું-ઉગવાનું-લહેરાવાનું અને જમીનની કાળી તિરાળોને લીલી લીટીઓમાં ફેરવવાની ચિંતા છે. ગામનો વરસાદ, લારીઓમાં શાકભાજી અને અનાજ ભરીને શહરે તરફ મોકલવાની જવાબદારીથી શહેર કરતાં વધુ ચિંતાગ્રસ્ત છે...

એને એક જ વાતનો આનંદ છે, ભલેને શહેરનો મારો ભાઈ વરસાદ મને બહુ માન નથી આપતો પણ મારે તો માટીના હાથ ઉપર મહેંદી મુકી શહેરમાં ટેટૂ પ્રેમી વરસાદને મદદ તો કરવી જ પડે, બાકી એ લોકો ખાશે શું?

ગામના એ વરસાદમાં જયારે માટી ઓગળે છે, ત્યારે ડુંગરાઓને એમના બાપ હોવાનું કર્તવ્ય પાર પાડ્યાનો સંતોષ છે, નદીઓમાં આનંદના પૂર આવે છે, કયારેક વિચિત્ર હરકત કરતી નદી નાળા - કેનાળને છલકાવી છેક ગામના ઘરે આવે ખેડૂતને ચરણસ્પર્શ કરી જાય છે... ગામના વરસાદના છાલક સાથે જમીન કસ્તૂરી બનીને મહેંકી ઊઠે છે.

શહેરના વરસાદની મુલાકાત એટલે 'શેકહેન્ડ ઈન કોકિંટ જંગલ, હાઉ ડુ યુ ડુ?' એવું કહીને પગારની, ઈન્ક્રિમેન્ટની, શેરબજારની, નફા-નુકશાનની ઈન્ફોર્મેશન લેવાની અને એ પણ સુરક્ષિત અંતર રાખીને! ગામડાનો વરસાદ તો સીધો પાક્કા ભાઈબંધની જેમ ભેટી જ પડે. એ શ્વાસોશ્વાસમાં ભળી જાય, એ ઝાડ-પાન-પ્રકૃતિ બધાંની પૂછપરછ કરે. ખેતી-વાડી, બિયારણ, ખાતર અને એના દેવાનો પણ વિચાર કરે... ઢોર-ઢાંખર સાથે દિવાળીમાં લૂગડા લેવા આવનારી દીકરીની પૂછપરછ કરે...

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

શહેરના વરસાદને આવી કોઈ જવાબદારી નહીં એનું તો એટલું જ 'મેરા ઘર મેરે બચ્ચે' એનું વર્તુળ અને વિસ્તાર મર્યાદિત, ગામડામાં તો ગામ આખું એનો 'વસ્તાર'...

શહેરનો વરસાદને તો રસ્તા પર વેચાતી ચાઈનામેડ છત્રીઓ અને રેઈનકોટની તાળાબંધી સાથે વેલકમ કરાય, હતી તો વાદળા ઘેરાયાં હોય ત્યાં તો માળીયામાંથી ધૂળ ખંખેરી છત્રી-રેઈનકોટની વ્યવસ્થા ચાલુ થાય... ઘરમાં કપડાં સૂકવવાની દોરીઓ લાગી જાય, મોબાઈલ-પાકિટ માટે પ્લાસ્ટિકની થેલીઓની શોધખોળ ચાલુ થાય...

ગામડાના લોકો વરસાદને વિનંતી કરીને બોલાવે, એ કોઈ બંધનો નાખીને, અંદાઝ બાંધીને, પ્રયોજનો કરીને ન બોલાવે, આમેય ગ્રામ્ય સંસ્કૃતિ એ વેલ પ્લાન